


# દિલ્હીમાં એએપી સાથે કોઈ ગઠબંધન કરવા કોંગ્રેસની સ્પષ્ટ ના

## કેજરીવાલ દ્વારા જાહેરાત કરાતા અટકળોનો અંત આવ્યો, દિલ્હીમાં તમામ સાત લોકસભા સીટ પર ત્રિકોણીય સ્પર્ધા

દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધનને લઈને સસ્પેન્સનો અંત આવી ગયો છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે કહ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ રાજ્યમાં ગઠબંધન કરવાનો ઈન્કાર કરી દીધો છે. દિલ્હીના મુખ્યમંત્રીના આ નિવેદન બાદ રાજ્યમાં ત્રિકોણીય સ્પર્ધા થનાર છે. રવિવારના દિવસે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ શિલા દિક્ષીતે કહ્યું હતું કે, સોમવાર સુધીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધનને લઈને ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

તેમણે કહ્યું હતું કે, આ સંદર્ભમાં સત્તાવાર નિવેદન જારી કરવામાં આવશે. કોંગ્રેસ દ્વારા સત્તાવાર નિવેદન જારી થતાં પહેલા જ કેજરીવાલે કહ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ દિલ્હીમાં લોકસભા ચૂંટણી માટે આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરવાનો ઈન્કાર કરી દીધો છે. કેજરીવાલે કહ્યું હતું કે, કોંગ્રેસ સાથે કોઈ ગઠબંધન થનાર નથી. રાહુલ ગાંધીની સાથે બેઠક કરવામાં આવી હતી પરંતુ ગઠબંધન કરવાનો રાહુલે ઈન્કાર કરી દીધો છે. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ વારંવાર ભાજપને પરાજિત કરવા માટે ગઠબંધનની ઓફર કરી રહ્યા હતા. કેજરીવાલે દિલ્હીની સાથે સાથે પંજાબ અને હરિયાણામાં પણ કોંગ્રેસને ગઠબંધનની ઓફર કરી હતી પરંતુ આ ઓફર ફગાવી દેવામાં આવી છે. દિલ્હી કોંગ્રેસ એકમમાં પણ ગઠબંધનને લઈને જુદા જુદા અભિપ્રાય રહ્યા છે. એકબાજુ પીસી ચાકોએ ગઠબંધન કરવા માટે રજૂઆત કરી હતી. બીજી બાજુ અજય માંકને ગઠબંધન કરવાનો ઈન્કાર કર્યો હતો. શનિવારના દિવસે કોંગ્રેસ પ્રદેશ સમિતિની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં આમ આદમી પાર્ટીની સાથે ગઠબંધન કરવાને લઈને અંતિમ નિર્ણય રાહુલ ગાંધી ઉપર છોડી દેવામાં આવ્યો હતો. કેજરીવાલના નિવેદન બાદ હવે ગઠબંધનની આશા ઉપર પાણી ફરી વળ્યું છે. હવે દિલ્હીની સાત સીટો ઉપર ત્રિકોણીય સ્પર્ધા થશે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપે દિલ્હીની તમામ સાતેય સીટો જીતી લીધી હતી. આમ આદમી પાર્ટીએ દિલ્હીમાંથી પહેલાથી જ પોતાના તમામ સાત ઉમેદવાર જાહેર કરી દીધા છે.

પાર્ટીએ બીજી માર્ચના દિવસે દિલ્હીની બેઠક ઉપર ઉમેદવાર જાહેર કર્યા હતા. પશ્ચિમ દિલ્હીમાંથી બલબિર જાખડને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દિલ્હીમાં સ્પર્ધા રોચક રહેવાની શક્યતા છે.

દેશભરમાં ભારતીય જનતા પાર્ટી સામે ક્ષેત્રિય પક્ષો ગઠબંધન કરીને મેદાનમાં ઉતરી રહ્યા છે. દિલ્હીમાં આમ આદમી પાર્ટીની હાલત હાલમાં ખુબ જ કફોડી બની ગઈ છે. આવી સ્થિતિમાં ચૂંટણી મેદાનમાં આમ આદમી પાર્ટી સાથે રાહુલ ગાંધીએ ઈન્કાર કરી દીધો છે. હવે લોકસભાની ચૂંટણીમાં આ વખતે કોણ બાજી મારશે તેને લઈને રાજકીય પંડિતોમાં ગણતરી છે.

# મૈનપુરી સીટ પર મુલાયમની જીત નિશ્ચિત : પંડિતોનો મત

ઉત્તરપ્રદેશની મૈનપુરી સીટ પર આ વખતે સમાજવાદી પાર્ટી માટે જોરદાર સ્પર્ધા રહેલી છે. ૨૦૧૪માં જ્યારે સમગ્ર દેશમાં મોદી લહેર હતી ત્યારે પણ આ સીટ ઉપર મોદીનો જાદુ ચાલ્યો ન હતો અને મૈનપુરીમાંથી મુલાયમસિંહ યાદવને જીત મળી હતી. મુલાયમસિંહ યાદવ બે સંસદીય બેઠક આઝમગઢ અને મૈનપુરીમાંથી ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા અને બંને સીટો ઉપર જીત હાંસલ થઈ હતી જેથી મૈનપુરી સીટ મોડેથી છોડી દેવામાં આવી હતી. ત્યારબાદ આ સીટ પર તેજપ્રતાપ યાદવ પેટાચૂંટણી જીતી ગયા હતા.

મૈનપુરી લોકસભા સીટ પર ૧૯૫૨થી લઈને ૧૯૭૧ વચ્ચે કોંગ્રેસને જીત હાંસલ થઈ હતી. ૧૯૭૭ની સત્તાવિરોધી લહેરમાં જનતા પાર્ટીએ કોંગ્રેસના ઉમેદવારને હાર આપી હતી. ૧૯૭૮માં પેટાચૂંટણીમાં કોંગ્રેસની જીત થઈ હતી. મૈનપુરી સંસદીય ક્ષેત્રમાં પાંચ વિધાનસભા આવે છે. જેમાં મૈનપુર, ભોગાંવ, કિશની અને કરહલ તેમજ જશવંતનગરનો સમાવેશ થાય છે. જશવંતનગર વિધાનસભા સીટમાંથી મુલાયમના ભાઈ શિવપાલસિંહ યાદવ ધારાસભ્ય તરીકે રહ્યા છે. સમાજવાદી પાર્ટીથી અલગ થયા બાદ પણ પોતાની ભાઈની જીત માટે તમામ મહેનત કરવાની ખાતરી આપવામાં આવી છે.

યુપીમાં ૨૦૧૭ વિધાનસભા ચૂંટણીમાં પાંચ વિધાનસભા સીટો પૈકી માત્ર એક સીટ ભોગાંવમાં ભાજપને જીત મળી હતી જ્યારે બાકીની ચાર સીટો પર સપાના ઉમેદવાર જીત્યા હતા. ૨૦૦૪માં મુલાયમે રેકોર્ડ મતે જીત મેળવી હતી. આ સીટ ઉપર મુલાયમસિંહ યાદવ ચાર વખત ચૂંટણી જીતી ચુક્યા છે. મુલાયમસિંહ દ્વારા સીટ છોડી દેવામાં આવ્યા બાદ પેટાચૂંટણીમાં તેજપ્રતાપની છેલ્લે જીત થઈ હતી.



## ધાનેરામાં હડકાયા કુતરાનો આતંક

ધાનેરા માં હડકાયા કૂતરાએ આતંક મચાવ્યો હતો અને ૧૦ જેટલા લોકો ને બચકા ભરતાં લોકો માં ભારે ભય નો માહોલ જોવા મળ્યો હતો તો બીજી તરફ બચકા ભરેલા લોકોને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યા છે. ધાનેરા ના બસસ્ટેશન વિસ્તાર માં આજે હડકાયા કુતરા નો આતંક જોવા મળ્યો હાટ૯ઓ કુતરા દસ જેટલા લોકો ને બચકા ભારત અન્ય લોકો માં ભારે ભય નો માહોલ જોવા મળ્યો હતો અને લોકો માં ભાગ દોડ મચી જવા પામી હતી બજાર માંથી પસાર થતા લોકો ને કૂતરાએ બચકા ભારત તેમને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માંખસેડવામાં આવ્યા હતા અને તે બાદ હડકાયું કૂતરું ધાનેરા ના રહેણાંક વિસ્તાર તફર જતા લોકો ભયભીત બન્યા હતા.

# અરવલ્લી જિલ્લા પોલીસે ૨૪ કલાકમાં દારૂના નશામાં ધૂત બનેલા ૧૮ વાહનચાલકોને દબોચ્યા

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લામાં અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતા અને લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને જીલ્લા પોલીસવડા મયુર પાટીલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઈ રહે તે માટે જીલ્લા પોલીસતંત્રને ચુસ્ત કાર્યવાહીના આદેશના પગલે કાર્યવાહી હાથ ધરી જીલ્લાના માર્ગો પર વાહનોનું સઘન ચેકીંગ અને પેટ્રોલિંગ હાથ ધરાતા ૨૪ કલાકમાં ૧૮ વાહનચાલકોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂની હાટડીઓ પર તવાઈ બોલાવી હતી.

અરવલ્લી જીલ્લાના માર્ગો પરથી પસાર થતા વાહનચાલકો દારૂના નશામાં બેફામ વાહન હંકારતા હોવાથી નિર્દોષ લોકોનો ભોગ લેવાની અનેક ઘટનાઓ બની રહી છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ જીલ્લાના મુખ્યમાર્ગો પર અને અંતરિયાળ વિસ્તારોમાં નશાની હાલતમાં વાહન હંકારી અન્ય લોકોની ઝીંદગી જોખમમાં મુકતા વાહનચાલકો સામે કાયદાનો ગાળિયો કસી ૧૮ વાહનચાલકોને દારૂના નશામાં વાહન હંકારતા ઝડપી પાડી કાયદાનું ભાન કરાવતા દારૂપીને બેફામ વાહન હંકારતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો.

અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દેશી દારૂની હાટડીઓ ધમધમી રહી હોવાની બૂમો ઉઠતા દેશીદારૂની બદીને કાબુમાં લેવા માટે ચુસ્ત અમલવારીના આદેશના પગલે ૯ દેશીદારૂના અડ્ડાનો નાશ કરી ૭૫ લીટર દેશીદારૂ જપ્ત કરી દેશી દારૂની હાટડીઓ ચલાવતા બુટલેગરો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## ભિલોડાના રામનગરના ડુંગર પર આગે ૧ કિમી વિસ્તારમાં તબાહી

અરવલ્લીની ગીરીમાળાઓમાં અને જંગલોમાં આગ લાગવાનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. જિલ્લામાં વનવિભાગતંત્ર આગ લાગવાના કારણો શોધવામાં સંપૂર્ણ નિષ્ફળ રહેતા શામળાજીના જંગલો પછી ભિલોડાના રામનગરના જંગલમાં આગ લગતા અને ૧ કિમી જેટલા વિસ્તારમાં પ્રસરતા વનરાજી બળીને ખાખ થઈ હતી. વનવિભાગતંત્ર રાબેતા મુજબ આગ પર કાબુ મેળવવા પહોંચ્યું હતું અને પ્રયાસો હાથ ધર્યા હતા.

# અમૂલનું ટર્નઓવર ૩૩૦૦૦ કરોડ, એક વર્ષમાં ૧૩ ટકાનો વધારો

ગુજરાત કોઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન કે જે અમૂલ બ્રાન્ડના નામે ઓળખાય છે તેના દ્વારા ૩૧મી માર્ચ ૨૦૧૯ના રોજ પુરા થતાં નાણાકીય વર્ષ દરમ્યાન ૩૩૧૫૦ કરોડ રૂપિયાનું પ્રોવિઝનલ ટર્નઓર હાંસલ કરવામાં આવ્યું છે. ગયા વર્ષના ટર્નઓવર સામે આ વર્ષે ૧૩ ટકાનો વધારો થયો છે. અમૂલ ફેડરેશન દ્વારા દૂધના વધુ એકત્રિકરણ, નવી મિલ્ક પ્રોસેસિંગ ક્ષમતાનો ઉમેરો, નવા બજાર તેમજ નવી દૂધ અને દૂધની બનાવટોને બજારમાં મૂકીને છેલ્લા નવ વર્ષથી ૧૭.૫ ટકાથી વધુ સરેરાશ વાર્ષિક સંચાલિત વૃદ્ધિદર હાંસલ કરતું રહ્યું છે.

અમૂલ ફેડરેશન અને તેને સંલગ્ન ૧૮ સભ્ય સંઘોએ ૪૫૦૦૦ કરોડથી વધુનું પ્રોવિઝનલ, અનડુપ્લિકેટેડ ગ્રુપ ટર્નઓવર કર્યું છે જે ગયા વર્ષની તુલનાએ ૧૩ ટકા વધારે છે. ફેડરેશનના સંઘો દ્વારા ગુજરાતના ૧૮૭૦૦ થી વધુ ગામોમાં ૩૬ લાખથી વધુ દૂધ ઉત્પાદકો પાસેથી વર્ષ દરમ્યાન દૈનિક સરેરાશ ૨૩૦ લાખ લીટર દૂધનું એકત્રીકરણ કર્યું છે જે ગયા વર્ષ કરતાં ૧૦ ટકા વધારે છે. અમૂલ ફેડરેશનના ચેરમેન રામસિંહ પરમારે કહ્યું હતું કે બજારમાં અમૂલની પ્રોડક્ટ્સની માગમાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં લેતાં પાંચ વર્ષમાં અમૂલના બિઝનેસમાં ૨૦ ટકાનો વૃદ્ધિદર રહેવાનો અંદાજ છે. અમૂલ દૂધની પ્રોસેસિંગની દૈનિક ૩૫૦ લીટરની ક્ષમતા આગામી બે વર્ષમાં વધારીને દૈનિક ૪૦૦ લાખ લીટર કરવા માગે છે.

અમૂલના એમડી ડો. આરએસ સોઢીએ કહ્યું હતું કે અમે તમામ ઉત્પાદનોના વેચાણમાં વધારો કર્યો છે. પાઉચ મિલ્ક કે જે સૌથી વધુ ટર્નઓવર ધરાવતી પ્રોડક્ટ્સ છે તેણે તમામ બજારોમાં વૃદ્ધિ દર્શાવી છે. ૨૦૨૦-૨૧ સુધીમાં અમૂલ ૫૦,૦૦૦ કરોડનું વેચાણ ટર્નઓવર હાંસલ કરવા માટે તૈયાર છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ દૂધ અને તેની બનાવટોના વેચાણમાં પ્રતિકૂળ પરિસ્થિતિ હોવા છતાં અમૂલે આ સિદ્ધી હાંસલ કરી છે.

# ખેડબ્રહ્મામાં દિકરીને ભગાડી જવાના વહેમમાં બે પરિવાર બાખડ્યા : ૨૫ સામે ફરિયાદ

ખેડબ્રહ્માતાલુકાના રાધીવાડ ગામના વણકર કનુભાઈ શામળભાઈની દીકરી મમતા ઉર્ફે ટીવન્કલના લગ્ન વડાલી મુકામે કરવામાં આવ્યા હતા. રવિવાર બપોરના સમય કનુભાઈના જમાઈ વડાલીથી પ્રકાશભાઈ કુબેરભાઈ વણકર રાધીવાડ મુકામે આવેલ અને જણાવેલ કે તમારી દીકરી મમતા વડાલીથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહેલ છે. આ ભાવ કનુભાઈની દીકરી સાત માસ પહેલા ગામના જુના ભાઈ ભાભીના દિકરા સતીશ સાથે ભાગી ગયેલ હોય બંનેને પકડી લાવી સામાજિક રાહી સમાધાન કરી છુટા પાડવામાં આવેલ હતા જેથી કનુભાઈ અને તેમની પત્ની ગીતાબેન સતીશ તેમની દીકરીને ફરી ભગાડી ગયો હોવાનો શંકા જતા રાત્રિના આઠ વાગે જધુલા ભાઈના ઘરે ગયા હતા અને દીકરી મમતા બાબતે પૂછપરછ કરતા ધુળાભાઈ અને તેમની પત્ની મણીબેન એકદમ ઉશ્કેરાઈ જઈ મા બેન સામી ગાળો બોલવા લાગેલા. જેથી ગાળો બોલવાની ના પાડતાં ધુળાભાઈ લાકડી લઈ કનુભાઈને મારવા આવી ગયેલા જેથી ગીતાબેન વચ્ચે પડતાં મણીબેન તથા લીલાબેન અને કૈલાસબેન વગેરે ગીતાબેનને ગડદાપાટુનો માર મારવા લાગેલા અને કપડાં ફાડી નાખેલા જેથી આજુબાજુમાંથી લોકો ભેગા થઈ ફોટા પાડેલા. આ સમયે ભોળાભાઈ અને અન્ય લોકોએ જણાવેલ કે આજે તો બચી ગયા છો બીજીવાર અહીં આવ્યા તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા ગીતાબેન ૧૦ વ્યક્તિઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામેની બાજુ ધુળાભાઈ માતા પરમારે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ રાત્રીના સમયે તેમની પત્ની મણીબેન સાથે ઘરે જમવા બેઠા હતા ત્યારે કનુભાઈ અને તેમને પત્ની મણીબેન અન્ય ચાર પાંચ મહિલાઓ સહિત ૨૦ માણસોનું ટોળું આવેલ અને ઘરમાં ઘુસી તેમને મારવા લાગેલ તથા અંકિતકુમાર કનુભાઈ પણ કરે તેમના હાથમાંની કમી ધુળાભાઈને મારી ઘરમાંની એલઈડી ટીવી તેમજ બારી-બારણા તોડી નાખી ૫૦ હજારનું નુકશાન કરેલ. કનુભાઈની દીકરીના ભાગી ગયેલા વહેમ રાખી આ લોકોએ તેમના ઘર ઉપર હુમલો કરી નુકસાન પહોંચાડી હોય ધુળાભાઈ પરીવારે ૧૫ વ્યક્તિઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજના વદરાડમાં વીજતંત્રના પાપે ખેડૂતોના હાથમાં આવેલ કોળીયો છીનવાઈ ગયો

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વદરાડ ગામની સીમમાં આવેલ ખેતરમાં બપોરના સમયે ઝુલતા વીજ વાયરોમાંથી તણખલા ખરતા ઘઉંનો તૈયાર થયેલ પાક બળીને ખાખ થઈ ગયો હતો.

પ્રાંતિજના વદરાડ ખાતે આવેલ પ્રવિણભાઈ અમૃતભાઈ પટેલ તથા નાથાભાઈ સુખાભાઈ પટેલના ખેતરોમાં બપોરના સમયે તેમના ખેતરોમાં તૈયાર થયેલ પાકમાં તેમના ખેતર ઉપરથી પ્રસાર થતી વીજલાઈનમાંથી તણખલા ખરતા ઘઉંના ખેતરોમાં આગ પકડાઈ હતી. જોતજોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ખેતરમાં રહેલ તૈયાર થયેલ ઘઉંનો પાક બળી ગયો હતો. જેમાં પટેલ પ્રવિણભાઈ અમૃતભાઈ પટેલના ત્રણ વિઘા અને નાથાભાઈ સુખાભાઈ પટેલના બે વિઘા ઘઉં બળીને સ્વાહા થઈ ગયા હતા. આગ લાગવાની જાણ પ્રાંતિજ ફાયર ટીમને કરવામાં આવતા પ્રાંતિજ ફાયરટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ ઉપર પાણીનો મારો ચાલુ કર્યો હતો.

પાણીના મારાને લઈને પાસે આવેલ અન્ય ખેડૂતોના ઘઉં બચી ગયાં હતાં. ખેડૂતો દ્વારા પ્રાંતિજ વીજતંત્રમાં અનેકવાર રજુઆતો કરવા છતા વીજકંપની દ્વારા કોઈ પગલાં ના લેવાતાં હાલ તો ઘઉંનો તૈયાર થયેલ પાક ખેડૂતોના હાથમાં આવેલ કોળીયો વીજતંત્રના પાપે છીનવાઈ ગયો છે. આગના સમાચાર વાયુવેગે ગામમાં તથા આજુબાજુના ગામોમાં વાયુવેગે પ્રસરી જતાં લોકોના ટોળી ટોળા ખેતરોમાં દોડી આવ્યા હતા. હવે જોવાનું એ રહ્યું કે સરકાર કે વીજકંપની દ્વારા ખેડૂતોને થયેલ નુકસાનની રકમ ભરપાઈ કરી આપવામાં આવશે કે કેમ એ તો હવે જોવું રહ્યું.

## સુપ્રીમની રોક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરાયેલી રિટ અરજીમાં અધ્યક્ષના નિર્ણયને મોકૂફ રાખવાની કરાયેલી માંગણી ગુજરાત હાઈકોર્ટે ગ્રાહ્ય રાખી ન હતી. એટલું જ નહી, તાલાલાની પેટાચૂંટણી પર સ્ટે આપવાનો પણ હાઈકોર્ટે સાફ ઈન્કાર કરી દીધો હતો. હાઈકોર્ટે બારડની સજાને યથાવત્ રાખી હતી અને ભગા બારડની અરજી ફગાવી દઈ તાલાલા બેઠકની પેટા ચૂંટણીનો માર્ગ મોકળો કર્યો હતો. હાઈકોર્ટે ભગવાનભાઈ બારડની અરજી ફગાવી દેતાં વિધાનસભા અધ્યક્ષ દ્વારા તેમને સસ્પેન્ડ કરવાના નિર્ણયને પણ બહાલ રાખ્યો હતો. આમ, હાઈકોર્ટે પૂર્વ ધારાસભ્યને કોઈપણ પ્રકારની રાહત આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. જેને પગલે ગુજરાત હાઈકોર્ટના ચુકાદાથી નારાજ ભગવાનભાઈ બારડ દ્વારા સુપ્રીમકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી હતી. બારડ તરફથી પિટિશનમાં એવા મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા કે, ખનીજ ચોરી કેસમાં જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટે તેમને કરેલી સજાના હુકમ સામે વેરાવળ સેશન્સ કોર્ટે સ્ટે જારી કર્યો હોવાછતાં વિધાનસભા અધ્યક્ષે તેમને બિલકુલ ખોટી રીતે અને કાયદાકીય જોગવાઈઓનો ભંગ કરીને તેમને રાજકીય કિન્નાખોરી રાખી ધારાસભ્યપદેથી સસ્પેન્ડ કરી દીધા હતા. એટલું જ નહી, તેમને ગેરકાયદે રીતે સસ્પેન્ડ કરાયા હોવાછતાં ચૂંટણી પંચે તાલાલા વિધાનસભા બેઠક પર તા.૧૦મી માર્ચે પેટાચૂંટણી જાહેર કરી દેવાઈ હતી. જે બિલકુલ ગેરકાયદે, અયોગ્ય અને લોક પ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ વિરૂધ્ધનો નિર્ણય હોઈ સુપ્રીમકોર્ટે તેને રદબાતલ ઠરાવવો જોઈએ. હાઈકોર્ટે કેસના સઘળા પાસા ધ્યાનમાં લીધા નથી અને અતાર્કિક ચુકાદો આપ્યો હોઈ અરજદારને ભારે અન્યાય થયો છે.

## કલ્ચરલ ફોરમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સભ્યો માટે ૨૩ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જ્યારે ૨૧ જેટલા જાહેર ઉજવણીના કાર્યક્રમો યોજાશે, જેમાં ગાંધીનગરના તમામ નાગરિકો ઉમળકાભેર ભાગ લઈ શકશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના સ્થાપના દિવસ - ૫મી મે, ૨૦૧૯ના રોજથી રજતજયંતી વર્ષની ઉજવણીનો શાનદાર પ્રારંભ કરાશે. ૨૫મા વર્ષ પ્રસંગે ગાંધીનગરની એવી ૨૫ વિશિષ્ઠ વ્યક્તિઓનું સન્માન કરાશે, ગાંધીનગરની બહાર નામ રોશન કરીને ગાંધીનગરને ગૌરવ અપાવ્યું છે.

ગાંધીનગરમાં અત્યંત લોકપ્રિય પર્વ - ગ્રીષ્મોત્સવની ઉજવણી તા.૪ થી ૮ મે દરમિયાન કરાશે. આ વર્ષે પાંચ દિવસના ગ્રીષ્મોત્સવ અંતર્ગત ભારતના લોકપ્રિય પાર્શ્વગાયક સોનુ નિગમ અને ગુજરાતના ગૌરવશાળી ગાયક કીર્તિદાન ગઢવી ગાંધીનગર પધારશે. જાણીતા અભિનેતા મનોજ જોશીનું ઐતિહાસિક હિન્દી નાટક 'ચાણક્ય' રજુ થશે. ગુજરાતના પ્રતિષ્ઠિત સંગીતકાર શ્રી ગૌરાંગભાઈ વ્યાસના સંગીત નિર્દેશનમાં ગુજરાતના શ્રેષ્ઠ સુગમ સંગીત ગાયક કલાકારોની પ્રસ્તુતિ - 'ગિરા ગુર્જરીના ગરવા ગીતો' રજુ થશે. ગ્રીષ્મોત્સવમાં નૃત્ય-નાટ્ય પ્રસ્તુતિ : 'હું છું ગાંધીનગર' રજુ થશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના જ સભ્યો એવા ૧૦૦ જેટલા કલાકારો આ પ્રસ્તુતિમાં ભાગ લઈ રહ્યા છે. ગાંધીનગરના પીઢ નાટ્યકાર-લેખક શ્રી પ્રકાશ લાલા લિખિત-દિગ્દર્શિત આ પ્રસ્તુતિ વિશેષ આકર્ષણ ઊભું કરશે.

રજતજયંતી વર્ષ અંતર્ગત ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા જુલાઈ મહિનામાં ગાંધીનગરમાં ઈન્ટર સ્કૂલ પ્રાર્થના ગાન સ્પર્ધા યોજાશે. આ મહિનામાં સાહિત્ય પર્વનું પણ આયોજન કરાશે. ગુજરાતી સાહિત્યના લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકારોનો મેળાવડો સાહિત્ય પર્વ દરમિયાન ગાંધીનગરને માણવા મળશે. ઑગસ્ટ-૨૦૧૯માં રાજ્યકક્ષાની સુગમ સંગીત સ્પર્ધાનું આયોજન ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા કરવામાં આવશે. રાજ્યના તમામ જિલ્લાના ઉભરતા ગાયક કલાકારો 'સૂર શિરોમણિ' સ્પર્ધામાં ભાગ લે એવું આયોજન કરાશે.

ગાંધીનગરના ઈતિહાસમાં ક્યારેય ન યોજાયા હોય એવા ભવ્યાતિભવ્ય 'નગરોત્સવ'નું આયોજન કરાશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા તા. ૨૮ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ દરમિયાન યોજાનાર 'નગરોત્સવ' અંતર્ગત પુસ્તક પ્રદર્શન, ચિત્ર પ્રદર્શન, ફોટોગ્રાફી પ્રદર્શન ઉપરાંત ગાંધીનગરના સર્જકો સાથે ગોષ્ઠિ અને સાહિત્યિક-સાંસ્કૃત્તિક સ્પર્ધાઓનું આયોજન કરાશે. ગાંધીનગરના આબાલ-વૃદ્ધ, મહિલાઓ-બાળકો સહિત તમામ નાગરિકોને મોજ પડે એવો 'નગરોત્સવ' યોજાશે.

વિશ્વભરમાં ગાંધીનગરને આગવી ઓળખ આપી છે એવી ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રિ રજતજયંતી વર્ષમાં વિશેષ ઉત્સાહ અને ઉમંગથી ઉજવાશે. નવરાત્રિ દરમિયાન યોજાતી મહાઆરતી પણ વિશેષ રીતે યોજાશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના રજતજયંતી વર્ષમાં આ ઉપરાંત નિબંધ સ્પર્ધા, વાર્તા-લેખન સ્પર્ધા, રંગોળી સ્પર્ધા જેવી અનેક સ્પર્ધાઓનું આયોજન કરાયું છે, જેમાં વિદ્યાર્થીઓ, મહિલાઓ અને નાગરિકો ભાગ લઈ શકશે. આ વર્ષમાં બાળફિલ્મ મહોત્સવ, શિશિરોત્સવ-અર્ક-વ્યાખ્યાનમાળા જેવા આયોજનો પણ કરાશે.

ગાંધીનગરના સાહિત્ય અને સંસ્કૃતિ પ્રેમી નાગરિકો ઉત્સાહભેર ગાંધીનગર કલ્ચરલ ફોરમમાં જોડાઈ રહ્યા છે. સાહિત્યિક અને સાંસ્કૃત્તિક ક્ષેત્રે ગાંધીનગરની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવામાં ગાંધીનગર કલ્ચરલ ફોરમનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે.

## બેઠક માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેઠક પર ૬૦ થી વધુ પાટીદારો પણ ચૂંટણી જંગમાં ઝુકાવવા માટેની વ્યુહરચના તૈયાર કરી રહ્યા છે. આ વ્યુહને એકાદ-બે દિવસમાં આખરી ઓપ અપાશે તેવી વાતો પણ સાંભળવા મળી હતી. દરમ્યાન તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે વધુ ૧૪ જેટલા ઉમેદવારો જંગ લડવા ઈચ્છુક છે તેઓ ઉમેદવારીપત્ર લઈ ગયા છે. આ સાથે આ બેઠક માટે અત્યાર સુધીમાં ૬૯ જેટલા ફોર્મ ઉપાડવામાં આવ્યા છે. આજે ૪ ઉમેદવારી પત્રો ભરાયા છે.

અપક્ષ ઉમેદવાર કૌશિક પાંડોર સાબરકાંઠાથી ગાંધીનગર ચૂંટણી લડવા માટે આવ્યા છે.

## ઈતિહાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ લગાવવામાં આવ્યા હતા. પ્રથમ વાર એવું થયું છે જ્યારે ઈસરોએ સામાન્ય લોકો માટે આ લોન્ચિંગ ખુલ્લું મૂકયું છે. આજે ૧,૦૦૦ જેટલા લોકોએ આ દશ્યને લાઈવ નિહાળ્યું હતું.

૧૫ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ ઈસરોએ એ સૌથી વધારે સેટેલાઈટ લોન્ચ કરીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.

## મેદાન છોડી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વસ્તી વધારે છે. ત્યાં મેદાન છોડીને ભાગી રહ્યા છે. દેશે બોધપાઠ ભણાવવાનો નિર્ણય કર્યો છે ત્યારે આવા લોકો હવે મેદાન છોડી રહ્યા છે. જે લોકોએ હિન્દુઓને આતંકવાદ કહ્યા હતા તેમની હાલત કફોડી બનેલી છે. હિન્દુઓની સાથે આતંકવાદ જોડી દેવામાં આવ્યું હતું જેથી જ્યાં હિન્દુ વસ્તી વધારે છે ત્યાં ચૂંટણી લડી શકવાની સ્થિતિમાં નથી. બીજી બાજુ જ્યાં હિન્દુઓની વસતી છે તેવા વિસ્તારમાં ભાગી રહ્યા છે. વડાપ્રધાને કહ્યું હતું કે, દેશના કરોડો લોકો ઉપર હિન્દુ આતંકવાદનું કલંક લગાવવાનું કામ કોંગ્રેસે કર્યું હતું. હજારો વર્ષના ઈતિહાસમાં હિન્દુઓના આતંકવાદની કોઈ ઘટના બની નથી. અંગ્રેજ ઈતિહાસકારો પણ આવું કર્યું નથી. અમારી પાંચ હજાર જુની સભ્યતા પર કલંક કોંગ્રેસ પાર્ટીએ મુક્યું છે. આ પાર્ટીને લોકો માફ કરી શકે નહીં. મોદીએ કહ્યું હતું કે, મહારાષ્ટ્રના જ એક કોંગ્રેસી નેતા હતા જે હિન્દુ આતંકવાદ શબ્દનો ઉપયોગ કરી રહ્યા હતા. સુશીલ કુમાર શિંદે દ્વારા હિન્દુ આતંકવાદનો ઉપયોગ કર્યો હતો. મોદીએ ઉમેર્યું હતું કે, અમારા વીર જવાનોએ જ્યારે એર સ્ટ્રાઈક કરી ત્યારે પણ આ લોકો પુરાવા માંગી રહ્યા હતા.

## ઠાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યવાહી કરવામાં આવી રહી છથે. બીજી બાજુ થોડાક દિવસ પહેલા અનંતનાગ જિલ્લામાં સેના અને પોલીસે એક સંયુક્ત કાર્યવાહી દરમિયાન હિઝબુલના ત્રાસવાદીની ધરપકડ કરી હતી. તેની ઓળખ રમીઝ અહેમદ તરીકે કરવામાં આવી હતી. હવે તેની પાસેથી જંગી માત્રામાં વિસ્ફોટકો કબજે કરવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે, ઈન્ટેલિજન્સ રેકોર્ડ મુજબ આ વર્ષે જમ્મુ કાશ્મીરમાં જ્યારે ત્રાસવાદી સંગઠનોમાં નહીવંત જેટલી ભરતી રહી છે જ્યારે ૬૦થી વધારે ત્રાસવાદીઓને લશ્કરી ઓપરેશનમાં મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. પાકિસ્તાન અને પોકમાંથી આ વર્ષે હજુ સુધી સેંકડો ત્રાસવાદીઓ દ્વારા ઘુસણખોરી કરવામાં આવી હતી. જ્યારે ગયા વર્ષે ૨૦૧૮માં આ આંકડો ૧૨૩ ઉપર રહ્યો હતો. આ પ્રવાહને જોતા ખીણમાં સક્રિય ત્રાસવાદીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. માર્યા ગયેલા આ ત્રાસવાદીઓમાં લશ્કરે તોયબાના ૧૪, હિજબુલના અને અલ બદરના ટોપ કમાન્ડર પણ સામેલ છે.